**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૨/૧૧/૨૦૧૪ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૯૬/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી ૧૩૩ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૯૭/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૬૯૮/૧૪**

**સરદારનગર** : અંકિતાબહેન રાજેશકુમાર શ્રીમાળી (ઉ.વ.૧૫)(રહે.મયુરપાર્ક સોસાયટી, કુબેરનગર, સરદારનગર) ને તા.૨૯/૧૦/૧૪ સવારનાં ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી પિનાકીન (જેના પુરા નામ-સરનામાની ખબર નથી) લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ અંકિતાબહેનનાં પિતા રાજેશકુમાર શ્રીમાળીએ તા.૧/૧૧/૧૪ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.કે.પટેલ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૬૯૯/૧૪**

**ઓઢવ** : બિપિનભાઇ સવજીભાઇ પટેલ (રહે.નંદબાગ સોસાયટી, શ્રીનાથ પાર્ટી પ્લોટની બાજુમાં, નિકોલ નરોડા રોડ, ઓઢવ) એ તા.૧/૧૧/૧૪ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૧૦/૧૪ રાતનાં ૧૦/૦૦ થી તા.૧/૧૧/૧૪ નાં કલાક ૩/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૦,૦૦૦/- મતાની, તેમજ ઘર પાસે આવેલ રવિરાજ રો હાઉસનાં મ.નં.૯ ના દરવાજાનુ લોક તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.મોરી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૭૦૦/૧૪**

**રામોલ** : સવિતાબહેન હિરાભાઇ પ્રજાપતિ (ઉ.વ.૫૦)(રહે.હરીહરપાર્ક સોસાયટી, ફુલવાડી સામે, મહાદેવનગર, રામોલ) તા.૩૧/૧૦/૧૪ સવારનાં ૧૦/૪૫ વાગ્યાના સુમારે બાપુનગર બસ ડેપોથી પોતાના ઘરે સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક તેમજ તેમાં બેસેલ એક પુરૂષ અને બે સ્ત્રીઓએ નજર ચુકવી સવિતાબહેનના પર્સની ચોરી કરી લીધી હતી. જે પર્સમાં સોનાની મગમાળા કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-, સોનાની વિંટી કિંમત રૂપિયા ૭૦૦૦/- અને રોકડ રૂપિયા ૮૦૦/- ની મતા હતી. આ અંગેની ફરીયાદ સવિતાબહેન પ્રજાપતિએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એ.પંડ્યા ચલાવે છે.

**શાહીબાગ :** ઇલાબેન વિષ્ણુભાઇ પટેલ (ઉ.વ. ૫૨)(રહે, કૈલાશનગર ઉમીયાનગરની સામે અસારવા શાહીબાગ) તા.૨૨/૧૦/૧૪ સવારનાં ૯/૦૦ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન સિવિલ હોસ્પીટલ એસ.ટી.સ્ટેન્ડથી, ડફનાળા સર્કલ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક તેમજ તેમાં બેસેલ બે પુરૂષ અને બે સ્ત્રીઓ(૩૦ થી ૩૫ વર્ષના આશરાના) નજર ચુકવી ઇલાબહેનના પર્સની ચોરી કરી લઇ ગયા હતા. જે પર્સમાં સોનાનુ મંગળસુત્ર, ચાર બંગડી, સોનાની માળા, સોનાની વીટી અને રોક્ડ રૂપિયા ૬૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૩૬,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ ઇલાબહેન પટેલે તા.૧/૧૧/૧૪ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.પટેલ ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૨૭૦૧/૧૪**

**નવરંગપુરા :** લીનાબહેન મધુકરભાઇ કોઠારી (રહે.શ્રીજીબાગ કો.ઓ.હા.સો.લી., નવરંગપુરા) એ તા.૨૯/૧૦/૧૪ સાંજનાં ૭/૩૦ વાગ્યાના સુમારે રહેણાંકનાં પાર્કિંગમાં પોતાની અલ્ટો કાર નંબર જીજે.૧.એચ.એમ.૧૨૦૫ કિંમત રૂપિયા ૧,૦૭,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૩૦/૧૦/૧૪ સવારનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ લીનાબહેન કોઠારીએ તા.૧/૧૧/૧૪ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પાંડોર ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૭૦૨/૧૪**

**શહેરકોટડા :** કનુભાઇ જીણાભાઇ પટણી (ઉ.વ.૨૫)(રહે.મણીલાલ કડીયાની ચાલી, સરસપુર) એ તા.૩૧/૧૦/૧૪ સાંજનાં ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઇ કારણોસર ઝેરી દવા પી લીધી હતી. સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧/૧૧/૧૪ નાં કલાક ૩/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડામોર ચલાવે છે.

**વટવા :** રાજેન્દ્રકુમાર રમાકાન્ત મિશ્રા (ઉ.વ.૪૮)(રહે.સઇદભાઇ ભરવાડની ચાલી, ભરવાડવાસ, સૈજપુર ગોપાલપુર, પીપળજ) એ તા.૧/૧૧/૧૪ સવારનાં ૧૧/૩૦ વાગ્યા પહેલાં પોતાના ઘરે કોઇ કારણસર પંખાના હુકમાં રૂમાલ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરેન્દ્રસિંહ ખુમાનસિંહ ચલાવે છે.

**એલીસબ્રીજ :** પ્રકાશ કૈલાશચંદ્ર ખોરવાલે (ઉ.વ.૨૨)(રહે.ચામુંડાની ચાલી, વસંતનગરનાં છાપરાં, ઠક્કરબાપા નગર, નરોડા) એ તા.૨૧/૧૦/૧૪ રાતનાં ૧૦/૦૦ વાગે પોતાના ઘરે કોઇ કારણોસર એસીડ પી લીધુ હતુ. સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧/૧૧/૧૪ નાં કલાક ૨/૧૫ વાગ્યાના સુમારે વા.સા.હોસ્પીટલનાં ગેસ્ટ્રો વોર્ડની લોબીમાંથી નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શીવકુમાર છગાલાલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.